# ભરૂચમાં પોલીસ ભરતી પ્રક્રિયા દરમિયાન મહિલા PSI પર હુમલો

**ઉમેદવારે** મહિલા પીએસઆઈનો કોલર પકડી લાફો ઝીંક્યો



ભરૂચઃ ભરૂચના પોલીસ હેડ ક્વાર્ટર ખાતે ભરતીમાં આવેલા એક યુવાને ફરજ પરના મહિલા પોલીસ સબ ઇન્સ્પેક્ટર (PSI) પર હુમલો કરતાં પોલીસ વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે. આ મામલે ભરૂચ શહેર બી ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ભરૂચ પોલીસ હેડ ક્વાર્ટરના ગ્રાઉન્ડમાં હાલ પોલીસ ભરતીની પ્રક્રિયા ચાલી રહી છે. જ્યાં ભરૂચ પોલીસની એમ.ઓ.બી. (MOB) શાખાનાં મહિલા PSI ઇલાબેન રાહુલ ચાંદ્રા (ઉં.વ.46) મૂળ (રહે.,ઓફિસર ક્વાર્ટર,પોલીસ હેડ ક્વાર્ટસ, ભરૂચ, મૂળ રહે.,ડુંગરી, તા.માંગરોળ, જિ.સુરત) મેડિકલ તંબુ પાસે યુનિફોર્મ પહેરીને પોતાની ફરજ બજાવી રહ્યાં હતાં. તા.24મી ફેબ્રુઆરીએ ભરતીમાં આવેલો બારડોલીમાં C/179- કેશરકુંજ રેસિડન્સી, ગાંધી રોડ ખાતે રહેતો દર્શિત જયદેવ ગઢવી તંબુ પાસે ઊભો રહી અપશબ્દો બોલી રહ્યો હતો. જેને લઈ તેમણે કહ્યું કે, ભાઈ અહીં ગાળો બોલાવાનું બંધ કર. અહીં છોકરીઓ છે. એમ જણાવતાં દર્શિત ગઢવીએ કહ્યું ,કે તું મને કોણ કહેવાવાળી અને તું કેવી રીતે નોકરી કરે છે એ હું જોઈ લઈશ એવી ધમકી આપી હતી

આરોપી દર્શિત એટલો ઉશ્કેરાઈ ગયો હતો કે તેણે મહિલા પીએસઆઇ સાથે ઝપાઝપી શરૂ કરી દીધી હતી. તેણે મહિલા અધિકારીનો ખાખી ડ્રેસનો કોલર પકડી લીધો હતો અને તમાચો મારી દીધો હતો. એટલું જ નહીં તેણે પીએસઆઇનો હાથ પકડીને તેમને નીચે પાડી દીધા હતા, જેના કારણે તેમને ઇજા પહોંચી હતી. ભરતી મેદાનમાં બનેલી આ હિંસક ઘટનાને પગલે ભારે અફરાતફરી મચી ગઇ હતી. હાજર અન્ય પોલીસકર્મીઓ અને અધિકારીઓ તાત્કાલિક દોડી આવ્યા હતા અને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. આ મામલે ભરૂચ શહેર બી ડિવિઝન પોલીસ મથક ખાતે ફરિયાદ નોંધાવાતાં પોલીસે આરોપી સામે ગુનો નોંધી અટકાયત કરી હતી.

# માંગરોળની આમનડેરાના શિક્ષકનું ડિમ્ડ રેઝિગ્નેશન મંજૂર

**૨૭ જાન્યુઆરી** ૨૦૨૩થી સતત બિનઅધિકૃત ગેરહાજરી બાદ જિલ્લા પંચાયત દ્વારા કાર્યવાહી

સુરતઃ માંગરોળ તાલુકાની આમનડેરા પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા શિક્ષક રૂમસિંહભાઈ નમનાભાઈ ચૌધરી વિરુદ્ધ લાંબા સમયથી ચાલી રહેલી બિનઅધિકૃત ગેરહાજરીના કેસમાં અંતે જિલ્લા પંચાયત સુરતે કડક નિર્ણય લીધો છે. 27 જાન્યુઆરી 2023 થી સતત ગેરહાજર રહેલા શિક્ષકનું તાત્કાલિક અસરથી "ડિમ્ડ રેઝીગ્નેશન"મંજુર કરવાનો હુકમ કરવામાં આવ્યો છે.

મળતી માહિતી મુજબ ચૌધરી અગાઉ પણ અનેક વખત લાંબા સમયગાળા માટે ગેરહાજર રહ્યા હતા. 13 સપ્ટેમ્બર 1017 થી 19 ફેબ્રુઆરી 2019, 24 જુનથી 2019 થી 4 નવેમ્બર 2020, 23 ફેબ્રુઆરીથી 15 જુન 2022 અને 27 જાન્યુઆરી 2023 થી આજદિનસુધી એક વર્ષથી વધુ સમયથી ગેરહાજર હતા. તાજેતરની ગેરહાજરી એક વર્ષથી વધુ સમયગાળાની હોવાથી નિયમ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી, માંગરોળ દ્વારા ગેરહાજરી અંગે નિયમ મુજબ કાર્યવાહી કરવાની ભલામણ કરવામાં આવી હતી. જે અંગે આખરી નોટિસ પાઠવી ચૌધરીને ૭ દિવસમાં જિલ્લા પંચાયત, સુરત ખાતે રૂબરૂ હાજર રહી ખુલાસો રજૂ કરવા જણાવાયું હતું. જોકે તેમનો ખુલાસો ગ્રાહ્ય ન રાખી કાયદાકીય જોગવાઈઓને ધ્યાને લઈને રૂમસિંહભાઈ નમનાભાઈ ચૌધરીનું તાત્કાલિક અસરથી ડિમ્ડ રેઝીગ્નેશન મંજુર કરવામાં આવ્યું છે.

# રાહુલ ખટીક રેશનિંગની દુકાન બંધ કરી રાજસ્થાન પથ્થરની દલાલીમાં પડયો

**રેશનિંગ** માફિયાઓએ જૂનો હિસાબ ચૂકતે કરવા રાહુલને સૂડીએ ચઢાવી દેવા કોશિશ કરી

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં રેશનિંગની દુકાનોમાં ચાલી રહેલા કારોબારમાં રાહુલ ખટીકના નામને લઈને બુધવારે નવો ખુલાસો થયો છે. રાહુલ ખટીક 2019થી આ વ્યવસાયને અલવિદા કહી રાજસ્થાન સેટ થઇ પથ્થરની દલાલીમાં પડી ગયો છે.

સુરત શહેર અને જિલ્લામાં ગઈકાલે ડભોલીની કે-40 નંબરની દુકાનના વિવાદમાં પુરવઠા વિભાગે જે કામગીરી કરી છે તેને લઈને રેશનિંગ માફિયાઓની સમગ્ર લોબીમાં ફફડાટ ફેલાઇ ગયો છે. રેશનિંગ માફિયાઓની સાન ઠેકાણે લાવવા માટે પુરવઠા વિભાગે ડભોલીની કે-40 નંબરની દુકાનને નેવું દિવસ માટે સસ્પેન્ડ કરી દીધી છે. જેને લઇ રેશનિંગ દુકાનદારો હવે પોતાની દુકાનનાં છીંડાં પૂરવા લાગી ગયા છે. આ અંગે આજે રાહુલ ખટીકે પોતાના માટે ફેલાઇ રહેલી ગેરસમજ અંગે સ્પષ્ટતા કરી છે તેમને કહ્યું હતું કે, આજથી સાત વરસ પહેલાં તેમણે આ વેપાર છોડી દીધો છે. હવે તેઓ પોતાની કંપની બનાવી માઇન્સ બ્રોકર તરીકે કામ કરે છે.

ઉપરાંત મેડિકલ ઇક્વિપમેન્ટ્સ અને ડિવાઇસની કંપની બનાવી કામ કરી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, તેમના પિતા મદનલાલ પન્નાલાલની દુકાન ચાલે છે. તેઓ સ્વતંત્ર રીતે ચલાવે છે.

તેમની સુરતમાં એકપણ રેશનિંગની દુકાન નથી કે તેની સાથે નિસ્બત ધરાવતા નથી. તેમને કહ્યું હતું કે, રેશનિંગ માફિયાઓની લોબીમાં કેટલાક હિતશત્રુઓ તેમના વિશે ગેરસમજ ફેલાવી રહ્યા છે.

**BCGની ચૂંટણીમાં ઉમેદવારી કરનાર એડવોકેટ ઝકી શેખ સાથે પ્રશ્નોત્તરી**

# વકીલોને વેલફેરની રકમ તેમની હયાતીમાં જ મળી જવી જોઈએ

**હાલમાં** વકીલોની સલામતી, હાઈકોર્ટની ડિજિટલ પ્રક્રિયામાં સરળતાથી માંડીને કોર્ટ કેમ્પસમાં પાર્કિંગની સમસ્યા દૂર કરવાની મારી પ્રાથમિકતા રહેશે

સુરતઃ રાજ્યમાં 70 હજારથી વધુ અને દક્ષિણ ગુજરાતમાં 12 હજારથી વધુ મતદારો ધરાવતા ગુજરાત બાર કાઉન્સિલની હાલમાં ચૂંટણી ચાલી રહી છે. આખા ગુજરાતના વકીલોને આવરી લેતી આ ચૂંટણીમાં સુરતમાંથી મેદાને ઉતરેલા અનેક ઉમેદવારોમાં સૌથી યુવાન ઉમેદવાર તરીકે જાણીતા એડવોકેટ ઝકી મુખત્યાર શેખનો સમાવેશ થાય છે.

આગામી તા.6ઠ્ઠી માર્ચના રોજ મતદાન થનાર છે અને પ્રેફરેન્શિયલ વોટિંગ થનાર છે ત્યારે મતદાન પત્રકમાં 84મો ક્રમાંક ધરાવતા વકીલોના વેલફેરની સાથે સાથે વકીલોની સલામતી સહિતના મુદ્દાઓ લઇને ચાલતા ઉમેદવાર ઝકી શેખ સાથે 'ગુજરાતમિત્ર'એ પ્રશ્નોત્તરી કરી હતી.



**સવાલઃ તમે કેટલા વર્ષથી પ્રેકટિસ કરો છો? વકીલાત સાથેનો તમારો નાતો કઈ પ્રકારનો છે? ગુજરાત બાર કાઉન્સિલ સાથે ભૂતકાળમાં કામ કર્યું છે?**

**જવાબઃ** હું છેલ્લા પંદર વર્ષથી પ્રેકટિસ કરી રહ્યો છું. મારા જે તે સમયે સીનિયર ચંદ્રકાંત આર. ગાંધી અને મનિષ ગાંધી હતા. વકીલાત એ મારા પરિવારની લેગસી રહી છે. મારા પિતા જાણીતા એડવોકેટ મુખત્યાર શેખ છે. જ્યારે મારા ભાઈ યાહ્યા પણ જાણીતા એડવોકેટ છે. મારા દાદા ડોકટર હતા. હું શિક્ષિત પરિવારમાંથી આવું છું. હું ભૂતકાળમાં સને 24-25માં ગુજરાત બાર કાઉન્સિલમાં કો-ઓપ. સભ્ય તરીકે શિસ્ત સમિતીમાં રહ્યો છું.

**સવાલઃ ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણી લડવાનો તમારો હેતું શું?**

**જવાબઃ** ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણી લડવાનો મારો પ્રથમ હેતુ એ છે કે વકીલોને હાલમાં ગુજરાત બાર કાઉન્સિલમાંથી તેમના મોત બાદ વેલફેરની રકમ મળે છે. હાલમાં એવી સ્થિતિ છે કે એક ઉંમરે વકીલને પ્રેકટિસ નહીં કરી શકવાને કારણે નાણાંની જરૂરીયાત ઊભી થાય છે. જેને કારણે મારી લડત એ રહેશે કે વેલફેર ટિકીટ રદ કરવામાં આવે. 35 વર્ષ સુધી પ્રેકટિસ કરનાર અને જેને કાનૂની વારસદાર નથી તેવા વકીલોને તેમની હયાતીમાં જ વેલફેરમાંથી નિયત રકમ મળે કે જેથી તે તેનો નિશ્ચિંતપણ નિર્વાહ કરી શકે. 65 વર્ષથી વધુ વયના વકીલોને વેલફેર ફીમાંથી મુક્તિ આપવી જોઈએ. રાજ્ય સરકાર દ્વારા દર વર્ષે 5 કરોડ રૂપિયા ગુજરાત બાર કાઉન્સિલને આપવામાં આવે.

**સવાલઃ સુરત સહિત અનેક શહેરોની કોર્ટ બિલ્ડિંગમાં પાર્કિંગનો પ્રશ્ન મોટો છે તો તમારો તેના માટે શું વિચાર છે?**

**જવાબઃ** હાલમાં અનેક કોર્ટ બિલ્ડિંગમાં વકીલો કેસ લડવા નહીં પરંતુ પાર્કિંગ યુદ્ધ માટે જતાં હોય તેવી સ્થિતિ છે. જેથી પ્રત્યેક કોર્ટ કેમ્પસમાં નિર્ધારીત પાર્કિંગ ઝોન, બાર કોડ આધારીત એન્ટ્રી તેમજ જ્યાં શક્ય હોય ત્યાં સ્માર્ટ અથવા તો ડિજિટલ પાર્કિંગ સિસ્ટમ અમલમાં લાવવાના પણ મારા પ્રયાસો રહેશે.

**સવાલઃ જો તમે ચૂંટાશો તો વકીલોની સલામતી માટે તમે શું શું કરશો?**

**જવાબઃ** મારો પ્રચારનો એ હેતું પણ છે કે વકીલોને હાલમાં જે રીતે હેરાન કરવામાં આવી રહ્યા છે તેની સામે સલામતીનો છે. કેટલાક કેસમાં વકીલો સામે સીધો ગુનો નોંધી દેવામાં આવે છે ત્યારે જેમ તલાટી સામે ગુનો નોંધતાં પહેલા મંજૂરી જરૂરી છે તેવી જ રીતે વકીલો સામે ગુનો નોંધતા પહેલા પણ મંજૂરી ફરજિયાત કરવી જોઈએ અને આવા એડવોકેટને બાર કાઉન્સિલ દ્વારા સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર પણ આપવા જોઈએ કે જેથી તે પોતાનો બચાવ કરી શકે.

**સવાલઃ હાઈકોર્ટ દ્વારા કાનૂની પ્રક્રિયાને ડિજિટલ કરવામાં આવી રહી છે તેમાં તમારો શું મત છે?**

**જવાબઃ** હાલમાં હાઈકોર્ટ દ્વારા ડિજિટલ વ્યવસ્થાઓ કરવામાં આવી રહી છે પરંતુ તે જટિલ છે. જેને કારણે જિલ્લા સ્તરે પ્રેકટિસ કરતાં વકીલોને ગંભીર ટેકનિકલ મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. જેથી આ માટે એક જ યુનિફાઈડ વીસી પ્લેટફોર્મ બને તે માટે મારી લડત રહેશે.

**સવાલઃ વકીલોએ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના કામ માટે અમદાવાદ જવું પડે છે ત્યારે તમે શું પ્રયાસો કરશો?**

જવાબઃ એ વાત સાચી છે કે ગુજરાત બાર કાઉન્સિલની મોટાભાગની પ્રક્રિયાઓ અમદાવાદ પુરતી જ સિમીત છે. જેને કારણે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વકીલોને મુશ્કેલી પડે છે. જેથી બાર કાઉન્સિલ ગુજરાત દ્વારા દર મહિને બે ઝોન ઓફિસ વિઝિટ કરવાની સિસ્ટમ અમલમાં મુકવામાં આવે. આ માટે હું ચોક્કસ પ્રયાસો કરીશ.

# ખાનગી બસોની હડતાળ વચ્ચે રાજસ્થાનના મુસાફરો અટવાયા

**એસટી** તાત્કાલિક બસો દોડાવે તેવી માંગ ઉઠી



સુરતઃ સુરતના ટેક્સટાઇલ અને હીરા ઉદ્યોગમાં કામ કરતા રાજસ્થાની કારીગરો માટે હોળીનો તહેવાર વર્ષનો સૌથી મોટો ઉત્સવ હોય છે. આ સમયે વતન જવા માટે ભારે ધસારો રહેતો હોય છે, પરંતુ આ વર્ષે ખાનગી લક્ઝરી બસ સંચાલકોએ આર.ટી.ઓ. (RTO) ની કામગીરીના વિરોધમાં હડતાળનું શસ્ત્ર ઉગામતા હજારો મુસાફરો મુશ્કેલીમાં મુકાયા છે. એક તરફ ખાનગી બસો રસ્તા પરથી ગાયબ છે અને જે સંચાલકો બસો ચલાવે છે તેઓ મુસાફરો પાસેથી બમણા ભાડા વસૂલી રહ્યા છે. બીજી તરફ, ગુજરાત એસ.ટી. વિભાગે દાહોદ, ગોધરા અને પંચમહાલ તરફ જવા માટે ૨૦૦ થી વધુ વધારાની બસો દોડાવવાનું શરૂ કર્યું છે, ત્યારે રાજસ્થાન તરફ જતા શ્રમિક વર્ગમાં રોષ જોવા મળી રહ્યો છે કે સરકાર તેમના માટે કેમ વિશેષ બસોની વ્યવસ્થા કરતી નથી.

રાજસ્થાનના શ્રમિકો અને કારીગર વર્ગ દ્વારા હાલ એવી પ્રબળ માંગ ઉઠી રહી છે કે જો અન્ય શહેરો માટે એસ.ટી. વિભાગ વધારાની સુવિધા આપી શકતું હોય, તો સુરતથી રાજસ્થાનના વિવિધ ભાગો માટે પણ સરકારી બસો કેમ શરૂ કરવામાં આવતી નથી? ખાનગી ટ્રાવેલ્સની મનમાની અને હડતાળના કારણે સામાન્ય મુસાફરો આર્થિક અને માનસિક રીતે પીસાઈ રહ્યા છે. વતન જવા માટે ટ્રેનોમાં પણ લાંબુ વેઈટિંગ હોવાથી હવે માત્ર એસ.ટી. નિગમ જ એકમાત્ર આશાનું કિરણ દેખાઈ રહ્યું છે. જો સરકાર સત્વરે રાજસ્થાન રૂટ પર વધારાની એસ.ટી. બસોની જાહેરાત કરે, તો હજારો પરિવારો હોળીના તહેવાર પર સમયસર અને સુરક્ષિત રીતે વતન પહોંચી શકે તેમ છે.

**સામાન્ય નાગરિકોને દંડ અને સજા કરતી સરકાર ઉદ્યોગો સામે નતમસ્તક**

# રાજ્યનો 67 હજાર કરોડ વેરો વસૂલવાનો બાકી

**કંપનીઓ** બંધ, નાદારી અને વિવાદ, ટેક્સ વસૂલાતમાં મોટી અડચણ

ગાંધીનગર : ગુજરાતમાં ઉદ્યોગો અને વેપારીઓ પાસેથી વસૂલવાના વિવિધ વેરાનો આંકડો ચોંકાવનારો બની ગયો છે. નાણા વિભાગના સત્તાવાર આંકડા મુજબ રાજ્ય સરકારને કુલ 67,407.97 કરોડ વસૂલવાના બાકી છે. તેમાંથી 32,688.07 કરોડની રકમ વિવાદ હેઠળ હોવાથી બાકી રહી છે, પરંતુ બાકી રહેલા 34,720.90 કરોડ માટે પણ હજી સુધી અસરકારક અને કઠોર કાર્યવાહી થઈ શકી નથી. ચોંકાવનારી વાત એ છે કે કુલ બાકી રકમમાંથી અંદાજે 27 હજાર કરોડ એવી છે જે દસ વર્ષથી વધુ સમયથી વસૂલાતની રાહ જોઈ રહી છે. સરકાર દ્વારા સમયાંતરે સૂચનાઓ આપવામાં આવતી હોવા છતાં ટેક્સ વિભાગને નોંધપાત્ર સફળતા મળતી નથી અને દર વર્ષે બાકી રકમમાં વધારો થતો જાય છે. બજેટ ડોકયુમેન્ટમાં જણાવ્યા મુજબ , વેરાવાર આંકડાઓ પર નજર કરીએ તો કેન્દ્રીય વેચાણવેરાની બાકી રકમ 9,760.76 કરોડ સુધી પહોંચી ગઈ છે. ગુજરાત વેચાણવેરો અને વેટ હેઠળ 6,125.52 કરોડ વસૂલવાના બાકી છે. સૌથી વધુ બાકી રકમ 'અન્ય કર' શ્રેણીમાં 50,031.62 કરોડની છે. સ્ટેમ્પ અને નોંધણી ફી હેઠળ 462.82 કરોડ, રાજ્ય આબકારીમાં 136.58 કરોડ અને વાહન કર પેટે 749.47 કરોડ બાકી છે.

**અનુસંધાન... પાના છેલ્લાનું**

### ઓપેરા અને...

વિંગનાં અધિકારીઓ સહિતનો કાફલો ત્રાટક્યો છે. બિલ્ડર, બ્રોકર સહિત ભાગીદારોનાં ઘર ઓફિસો પર સર્ચની કાર્યવાહીને પગલે ઓપેરા ગ્રુપ સહિતનાં ગ્રુપ સાથે સંકળાયેલા અન્ય બિલ્ડરોમાં પણ ફફડાટ વ્યાપી જવા પામ્યો છે. થોડા સમય પૂર્વે જ શહેરમાં રિયલ એસ્ટેટ અને ડાયમંડ સહિતનાં વેપાર-ધંધા સાથે સંકળાયેલા ગજેરા જૂથ પર ડીડીઆઈ વિંગની કાર્યવાહી પછી બીજી મોટી કાર્યવાહી ગણાય રહી છે. વહેલી સવારથી ઓપેરા ગ્રુપનાં સંગાણી પરિવાર સહિત તેમની સાથે સંકળાયેલા ભાગીદારો અને બ્રોકરો, પલસાણા ખાતે જમીનનું મોટું કામ કરતો રાવ નામનો વ્યક્તિ , પ્રોપર્ટી બ્રોકર આગમ વાડેચા સહિતનાં પર DDI વિંગની અલગ અલગ ટીમો દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે. આ દરોડા આર્થિક અનિયમિતતાઓ અને કરચોરીની શંકાના આધારે હાથ ધરવામાં આવ્યા છે.વહેલી સવારથી જ DDIની અલગ-અલગ ટીમો સંબંધિત સ્થળોએ પહોંચી જઈ દસ્તાવેજોની ચકાસણી, ડિજિટલ ડેટાની સ્ક્રુટિની તેમજ બેંક ટ્રાન્ઝેક્શનની વિગતો એકત્ર કરવાની કામગીરી ચાલી રહી છે. કેટલાક સ્થળોએ સ્ટાફ અને સંકળાયેલા વ્યક્તિઓના નિવેદનો પણ લેવામાં આવી રહ્યા છે. આવકવેરા વિભાગના સૂત્રોનાં જણાવ્યાં મુજબ આ તપાસમાં મોટા પાયે કરચોરી મળી આવવાની સંભાવના છે.

### ૧૦૦૦ કરોડનાં...

વિભાગના સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ આઈટીઆરની મુદત બાદ મળેલા ઈનપુટનાં આધારે ૧૦૦૦ કરોડથી વધુનાં વ્યવહારો નજરે ચઢ્યાં છે.

### સુરતનું મજબૂત...

સંઘવી તથા રાજ્યના આરોગ્યમંત્રી પ્રફુલ પાનશેરીયા બન્ને સુરતના છે. છતાં સુરતના વિદ્યાર્થીઓને પોતાના હક માટે અવાજ ઉઠાવવો પડે છે તે પ્રશ્નો ઊભા કરી રહ્યો છે. સ્થાનિક આગેવાનોનું માનવું છે કે જો રાજકીય ઇચ્છાશક્તિ દર્શાવવામાં આવે તો 250માંથી 175 સીટ લોકલ ક્વોટા હેઠળ ફાળવવાનો નિર્ણય સરળતાથી અને ઝડપથી થઈ શકે છે.

### મનપા ઠરાવ...

પોતાના ખર્ચે સુરતના લાભમાં કરી હતી. જો મનપા ભારપૂર્વક રજૂઆત કરે તો વધારો થઈ શકે છે. મનપાના શાસકોએ પ્રબળ ઇચ્છાશક્તિ સાથે અને સુરતના હિત માટે ઠરાવ ઝડપી કરવાની જરૂર છે.

**- ડો.નિષિથ શ્રોફ, ઓર્થોપેડિક સર્જન, ઉધના**

### આજથી ધો. 10...

92,280 વિદ્યાર્થીઓ, ધોરણ 12 સામાન્ય પ્રવાહના 55,050 વિદ્યાર્થીઓ અને ધોરણ 12 વિજ્ઞાન પ્રવાહના 15,740 વિદ્યાર્થીઓ પરીક્ષા આપી રહ્યા છે. પરીક્ષાઓ શાંતિપૂર્ણ અને પારદર્શક રીતે યોજાય તે માટે જિલ્લા વહીવટીતંત્ર, પોલીસ તંત્ર અને શિક્ષણ વિભાગે સંકલિત આયોજન કર્યું છે. પરીક્ષાર્થીઓ સમયસર કેન્દ્ર સુધી પહોંચી શકે તે માટે શહેર અને જિલ્લામાં ટ્રાફિક વ્યવસ્થાને સુચારૂ રાખવા ખાસ સૂચનાઓ આપવામાં આવી છે. SSC પરીક્ષાનો સમય સવારે 10:30 થી બપોરે 1:15 સુધી અને HSCનો સમય બપોરે 3:00 થી સાંજે 6:15 સુધી રહેશે.

### દેવામાં ડૂબેલા...

બાલમુકુન્દે એલ્યુમિનિયમ ફોસ્ફાઇડ (પામફોર્સ) નામનો ઝેરી પાવડર પી પોતાના જીવનનો અંત લાવ્યો. પરંતુ તે પહેલાં પત્ની પ્રિયંકા (૩૫) અને બે માસૂમ દીકરીઓ ભવ્યા (૯) અને પાર્થ્વી (૭) ને પણ ઝેર પીવડાવ્યું હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. આ ઘટનામાં બાલમુકુન્દ, પ્રિયંકા અને મોટી દીકરી ભવ્યાનું મોત થયું છે, જ્યારે નાની દીકરી પાર્થ્વી હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ઘટના પહેલાં બાલમુકુન્દે ત્રણ પાનાની હિન્દીમાં સ્યુસાઈડ નોટ લખી હતી. પોલીસને મળેલી આ મરણનોંધમાં અલથાણમાં રહેતા વૈભવ શિવકુમાર રૂંગટા પર ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. સ્યુસાઈડ નોટ મુજબ વૈભવ રૂંગટા બાલમુકુન્દને ધમકી આપી ટોર્ચર કરતો હતો, તેમના ક્રેડિટ કાર્ડનો દુરુપયોગ કરીને કપડાં, મોપેડ ખરીદ્યા હતા તેમજ બળજબરીથી રૂપિયા ઉપાડી લીધા હતા. પૈસા પરત માગતા ધમકી અપાઈ હતી. જ્યારે પ્રિયંકાએ પોતાના પિતા સંજય અગ્રવાલને ફોન કરી ઘટનાની જાણ કરી, ત્યારે તેઓ દુકાનેથી સીધા દીકરીના ઘરે દોડી આવ્યા. ઘરમાં પ્રવેશતાં જ સામે પડેલું દ્રશ્ય જોઈ તેઓ સ્તબ્ધ બની ગયા. દીકરી બેડરૂમમાં પડી હતી, જમાઈ બેડની નીચે બેભાન હાલતમાં હતા અને બે નાની પૌત્રીઓ સોફા પાસે ઢળી પડી હતી. પૌત્રીએ બાદમાં જણાવ્યું કે "મમ્મી-પપ્પા એક ચોપડામાં કંઈક લખી રહ્યા હતા"આ શબ્દો હવે તપાસ માટે મહત્વપૂર્ણ બની ગયા છે. માસૂમ બાળકીએ ફોન કરી નાની ને જાણ કરી પપ્પા જમીન પર પડેલા છે જલ્દી આવો. હાલ પાર્થ્વી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેની તબિયત સુધારા પર હોવાનું પોલીસે જણાવ્યું છે. તેણીએ પોતાની નાનીને ફોન કરીને ઘટનાની જાણ કરી હતી-જે કદાચ તેની હિંમત અને જીવન માટેની લડતનું પ્રતિક બની રહી છે.

સાસરીયા સિવાય સુરતમાં બાલમુકુન્દના કોઈ નજીકના સંબંધી નહોતા. દીકરી, જમાઈ અને પૌત્રી ગુમાવવાના આઘાતમાં સસરા સંજય અગ્રવાલ પણ તબીયતથી નબળા હોવા છતાં પોલીસ સમક્ષ હાજર રહ્યા. વેસુ પોલીસ સ્ટેશનમાં પીએસઆઈ એ.એમ. વસાવાએ તેમની સ્થિતિને ધ્યાનમાં રાખી કાર્યવાહી હાથ ધરી હતી.

### બંને માસૂમ દિકરીઓ શાળાએ ન પહોંચી

મૃતક દીકરીઓ વેસુની લોટસ ઇન્ટરનેશનલ સ્કૂલમાં અભ્યાસ કરતી હતી. મોટી દીકરી ભવ્યા ધોરણ એકમાં અને નાની પાર્થ્વી સિનિયર કેજીમાં ભણતી હતી. સંજોગો એવા કે ઘટના બનેલા દિવસે બંને દીકરીઓ સ્કૂલ ગઈ જ નહોતી. કોઈએ કલ્પના પણ ન કરી હોય કે આ નાનકડા જીવનમાં આવી કાળી સાંજ આવશે.

### બાલમુકુન્દ ઘેરબેઠાં શેરબજારનું કામ કરતો હતો

મૂળ બિહારના વતની અને છેલ્લાં બે વર્ષથી ઘેરબેઠાં શેરબજારનું કામ કરતા બાલમુકુન્દ ખેતાને પોતાના પરિવાર સાથે ખેતરમાં નાખવાની ઝેરી દવા પીને સામૂહિક આત્મહત્યા કરી લીધી છે.

પોલીસ તપાસ દરમિયાન ઘટનાસ્થળેથી ત્રણ પાનાંની એક સ્યુસાઇડ નોટ મળી આવી છે, જેમાં આ અંતિમ પગલું ભરવા પાછળનાં ગંભીર કારણોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

### પતિએ ગુટખા...

આવતા ઠપકો આપ્યો હતો. જે વાતનું માઠું લગાડી તેણીએ અંતિમ પગલું ભરી લીધું હતું. આ અંગે વધુ તપાસ કાપોદ્રા પોલીસ કરી રહી છે.

**ક્ષત્રિય અવસાન**

ૐ શાંતિ... ૐ શાંતિ...



**સ્વ. રજનીકાંત મોહનલાલ જરીવાલા**

**સ્વ. તા. ૧૨/૦૯/૧૯૫૩ સ્વ. તા. ૨૫/૦૨/૨૦૨૬**

દિલગીરી સહ જણાવવાનું કે અમારા પિતાશ્રી રજનીકાંત મોહનલાલ જરીવાલા આજ રોજ તા. ૨૫/૦૨/૨૦૨૬ને બુધવારનાં રોજ દેવલોક પામ્યા છે. પ્રભુ એમની દિવ્ય આત્માને શાશ્વાત શાંતિ અર્પે તેવી પ્રાર્થના....

સદ્‌ગતની સ્મશાનયાત્રા : તા. ૨૬/૦૨/૨૦૨૬ ને ગુરુવારે સાંજે ૪.૦૦ વાગ્યે અમારા નિવાસ સ્થાનેથી નીકળી રામનાથઘેલા જશે.

સદ્‌ગતનું બેસણું : તા. ૨૭/૦૨/૨૦૨૬ ને શુક્રવારના રોજ સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ વાગ્યે અમારા નિવાસસ્થાને રાખવામાં આવ્યું છે.

**લિ.** સ્વ. ધનવિદ્યાબેન (ઉર્ફે ભાવનાબેન) રજનીકાંત જરીવાલા

રમેશ રજનીકાંત જરીવાલા (પુત્ર) — જાનકી રમેશ જરીવાલા (પુત્રવધુ)
જતીન રજનીકાંત જરીવાલા (પુત્ર) — અલ્પા જતીન જરીવાલા (પુત્રવધુ)
ચેતન રજનીકાંત જરીવાલા (પુત્ર) — માનસી ચેતન જરીવાલા (પુત્રવધુ)
ધર્મેશકુમાર પોપટલાલ પેંગાવાલા (જમાઈ) — સીમા ધર્મેશકુમાર પેંગાવાલા (પુત્રી)
ભાવેશકુમાર હરીશભાઈ દમવાલા (જમાઈ) — ચૈતાલી ભાવેશકુમાર દમવાલા (પુત્રી)
ચિત્રાંગકુમાર જીગ્નેશભાઈ ચેવલી (જમાઈ) — હિમા ચિત્રાંગકુમાર ચેવલી (પૌત્રી)
લક્ષ જતીન જરીવાલા (પૌત્ર) — આર્ય રમેશ જરીવાલા (પૌત્ર)
ધનવી ચેતન જરીવાલા (પૌત્રી) — ભવ્યા જતીન જરીવાલા (પૌત્રી)
દિયા ચેતન જરીવાલા (પૌત્રી)

નિવાસસ્થાન : ૨૧, ધનવિલા, સાંઇ કે. જી. બંગલોઝ, અલથાણ, ભીમરાડ કેનાલ રોડ, સુરત.


इंडियन बैंक Indian Bank — इलाहाबाद ALLAHABAD

ઝોનલ ઓફિસ સુરત : ૧૦૧-૧૦૨, ત્રીજો માળ, વેસ્ટ ફિલ્ડ સ્કેવર, સુરત-૩૯૫૦૦૭

**ઈ-હરાજી વેચાણ નોટિસ સ્થાવર મિલકતોના વેચાણ માટે (જુઓ પ્રોવિસો નિયમ ૮(૬)) એનેક્ષર-II**

Bank Website | E-Auction Website

ધી સીકયુરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્શીયલ એસેટસ્ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ,૨૦૦૨, જેને સીકયોરીટી ઈન્ટરેસ્ટ (એનફોર્સમેન્ટ) રૂલ્સ ૨૦૦૨ના નિયમ ૮(૬) ની જોગવાઈ સહિત વંચાણે લેતા નીચે જણાવેલ સ્થાવર મિલકતોના વેચાણ માટેની ઈ-હરાજી. આથી જાહેર જનતા ને સાધારણ રીતે અને નીચે જણાવેલ કરજદાર(રો) અને જામીનદાર(રો) ને વિશેષ રીતે જણાવવાનું કે નીચે મુજબની સ્થાવર મિલકતો ઈંડિયન બેંક પાસે ગિરવે રાખેલ / ચાર્જ કરેલ છે. જે સ્થાવર મિલકતોનો સાંકેતિક /પ્રત્યક્ષ કબજો ઈંડિયન બેંક ના અધિકૃત અધિકારી દ્વારા લઈ લેવામાં આવેલ છે. સિકયોર્ડ ક્રેડિટર દ્વારા જે તમામ ને ''જેમ છે જયાં છે અને જેવી છે તેવી છે'' ના ધોરણે તારીખ 08/04/2026 ના રોજ નીચે જણાવેલ ખાતાઓ પાસે લેવાની રકમની વસૂલાત માટે વેચાણ કરવામાં આવશે. કરજદારો/જામીનદારો/મિલકતો/અનામત કિમંત/ઈએમડી અને ઈ-ઓકશનની તારીખની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ નં. | શાખા | કરજદાર/જામીનદારો/મોર્ગેજરોના નામ | કુલ બાકી | ડિમાન્ડ નોટીસની તારીખ | સાંકેતિક / પ્રત્યક્ષ કબજા હેઠળની સ્થાવર મિલકતનું ચતુઃ દિશા સહિતનું વર્ણન તેમજ અન્ય બોજા ની વિગત, જો કોઈ હોય તો. | કબજાનો પ્રકાર | અનામત કિમંત / ઈએમડી (In Rs.) | મિલકતનો ID નંબર. | અધિકૃત અધિકારીનું નામ અને મો.નં. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | ભરૂચ | (૧) શ્રીમતિ મીનાબેન રામજીભાઈ ચૌધરી (કરજદાર અને મોર્ગેજર) અને (૨) શ્રી રાહુલ રામજીભાઈ ચૌધરી (સહ-કરજદાર અને મોર્ગેજર) | રૂા.૧૦,૨૮,૯૭૮.૦૮ તા.૨૩/૦૨/૨૦૨૬ ના રોજ | ૦૩/૧૧/૨૦૨૫ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી ફ્રી હોલ્ડ સ્થાવર મિલકત પ્લોટ નં. ૧૫૪ , સહયોગ રેસિડન્સી, અર્યોધ્યાપુરમ ટાઉનશીપ-૩ પાસે, જેનુ વિસ્તાર માપ ૬૬.૯૨ ચો.મીટર્સ. અને જોડાયેલ કોમન પ્લોટ અને રસ્તાનુ માપ ૩૬.૯૯ ચો.મીટર્સ. કુલ માપ ૧૦૩.૯૦ ચો.મીટર્સ. તેના પર લગતી તમામ સુવિધાઓ સહિત. જે સ્થિત જમીનનો બ્લોક/ રેવન્યુ સર્વે નં. ૪૩૮, ખાતા નં. ૧૦૦૦, ગામઃ કોસમાડી, તાલુકોઃ અંકલેશ્વર, જિલ્લોઃ ભરૂચ. રાજયઃ ગુજરાત. જે શ્રીમતિ મીનાબેન રામજીભાઈ ચૌધરી અને શ્રી રાહુલકુમાર રામજીભાઈ ચૌધરી ના નામે છે. મિલકતની ચર્તુદિશાઃ ઉત્તરેઃ સોસાયટી રસ્તો, દક્ષિણેઃ પ્લોટ નં. ૧૩૫,પૂર્વેઃ પ્લોટ નં. ૧૫૫, પશ્ચિમેઃ પ્લોટ નં. ૧૫૩. | સાંકેતિક | 15,58,000/- / 1,55,800/- | IDIB30227807785 | Mr. Rajendra Kumar Meena (M) 99457 90204 |
| ૨. | ભરૂચ | (૧) શ્રી પરમાર પ્રિતુલકુમાર રમણલાલ (કરજદાર અને મોર્ગેજર) (૨) શ્રીમતિ પરમાર ઉશાબેન પ્રિતુલકુમાર (સહ-કરજદાર) | રૂા.૯,૩૨,૫૭૧.૭૭ તા.૨૨/૦૨/૨૦૨૬ ના રોજ | ૧૫/૧૧/૨૦૨૫ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી ફ્રી હોલ્ડ સ્થાવર મિલકત પ્લોટ નં. ૨ , સિધ્ધિ વિનાયક, જેનુ વિસ્તાર માપ ૫૮.૫૫ ચો.મીટર્સ. જે સ્થિત જમીનનો બ્લોક/ રેવન્યુ સર્વે નં. ૧૧૭, મોજેઃ ઉટીયાદરા, સબ-જિલ્લોઃ અંકલેશ્વર, જિલ્લોઃ ભરૂચ. રાજયઃ ગુજરાત. જે શ્રી પ્રિતુલકુમાર રમણભાઈ પરમાર ના નામની મિલકત. ચર્તુદિશાઃ મૂલ્યાંકન મુજબ ઉત્તરેઃ પ્લોટ નં.૦૩, દક્ષિણેઃ પ્લોટ નં.૦૧, પૂર્વેઃ પ્લોટ નં. એ/૯, પશ્ચિમેઃ સોસાયટી રસ્તો. | સાંકેતિક | 12,90,000/- / 1,29,000/- | IDIB30429034009 | Mr. Rajendra Kumar Meena (M) 99457 90204 |
| ૩. | રાજપીપળા | (૧) શ્રી ઘોડાસરા નિમેશ જયસુખભાઈ (કરજદાર અને મોર્ગેજર) (૨) શ્રી જયસુખભાઈ કરસનભાઈ ઘોડાસરા (જામીનદાર) | રૂા.૨૩,૩૫,૫૩૫.૭૯ તા.૨૨/૦૨/૨૦૨૬ ના રોજ | ૦૪/૧૧/૨૦૨૫ | તમામ ભાગ અને હિસ્સો ધરાવતી ફ્રી હોલ્ડ સ્થાવર મિલકત પ્લોટ નં. ૫૪, ''મન મંદિર રેસીડન્સી'', શરમન સોસાયટી પાછળ, જેના વિસ્તાર માપ ૪૬.૫૪ ચો.મીટર્સ. અને જોડાયેલ કોમન પ્લોટ અને રસ્તાનું માપ ૩૪.૭૦ ચો.મીટર્સ. કુલ માપ ૮૧.૨૪ ચો.મીટર્સ. તેના પર લગતી તમામ સુવિધાઓ સહિત. જે સ્થિત જમીનનો બ્લોક/ રેવન્યુ સર્વે નં. ૧૯૫/૫૪, નવો બ્લોક/ રેવન્યુ સર્વે નં. ૯૭/૫૪, વાડિયા, તાલુકોઃ નંદોડ, જિલ્લોઃ નર્મદા, રાજયઃ ગુજરાત. જે શ્રી નિમેશ જયસુખભાઈ ઘોડાસરા ના નામની મિલકત. જેની ચર્તુદિશાઃ ઉત્તરેઃ પ્લોટ નં. ૫૫, દક્ષિણેઃ પ્લોટ નં. ૫૩, પૂર્વેઃ જોડાયેલ બાજુમાં નં. ૧૯૪, પશ્ચિમેઃ ૬ મીટર રસ્તો. | સાંકેતિક | 21,31,000/- / 2,13,100/- | IDIB30279360100 | Mr. Rajendra Kumar Meena (M) 99457 90204 |

બીડ વધારવાની કિમંત રૂા.૧૦,૦૦૦/- | ઈચ્છુક બિડરો/ખરીદારોએ ઈએમડીની રકમ પોર્ટલના તેમના ગ્લોબલ ઈએમડી વોલેટમાં તા.૦૮/૦૪/૨૦૨૬ સુધીમાં ટ્રાન્સફર કરવાના રહેશે, એટલે કે, ઈ-ઓકશન તારીખ અને સમય પહેલા.

મિલકત નિરીક્ષણની તારીખ અને સમય : ૨૬/૦૨/૨૦૨૬ થી ૦૭/૦૪/૨૦૨૬ ના રોજ સવારે ૧૦.૦૦ થી સાંજે ૪.૦૦ કલાક દરમ્યાન ઈ-ઓકશનની તારીખ અને સમય : ૦૮/૦૪/૨૦૨૬ સવારે ૧૦.૦૦ થી બપોરે ૫.૦૦ (દરેક માટે ૧૦ મિનિટસના અનલિમિટેડ વિસ્તરણ સાથે)

Bidders are advised to visit the website (https://baanknet.com) of our e auction service provider PSB Alliance Pvt. Ltd to participate in online bid. For Technical Assistance Please call PSB Alliance Pvt. Ltd Helpdesk No. 8291220220,email ID: - support.baanknet@psballiance.com and other help line numbers available in service providers help desk. For Registration status with PSB Alliance Pvt. Ltd. and EMD status, please contact support.baanknet@psballiance.com. For property details and photograph of theproperty and auction terms and conditions please visit: https://baanknet.comand for clarifications related to this portal, please contact Help desk No.8291220220 Bidders are advised to use Property ID Number mentioned above while searching for the property in the website with https://baanknet.com.

તારીખઃ ૨૬/૦૨/૨૦૨૬,
સ્થળઃ સુરત.

સરફેસી એકટ, ૨૦૦૨ હેઠળ દેણદારો/ ગિરવેદારોને ૩૦ દિવસની વેચાણ નોટિસ
(વેચાણ નોટીસના અંગ્રેજી ભાષા કરતા જો અન્ય ભાષામાં હોય તો, કોઈપણ કાયદાકીય ગૂચવણ હેતુ, અંગ્રેજી ભાષાની નોટીસ જ માન્ય રહેશે)

અધિકૃત અધિકારી, ઈંડિયન બેંક.